# ભુસાવળને રૂપિયા ૧૧૦ કરોડની અમૃત યોજના માટે મંજૂરી

*ભુસાવળઃ* શહેર માટે મહત્ત્વપૂર્ણ અમૃત યોજનાને મંજૂરી મળી હોવાથી ટૂંક સમયમાં આ યોજના અંતર્ગત કામોની શરૂઆત કરવામાં આવશે અને શહેરના વિકાસને ગતિ મળશે.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેર માટે મહત્ત્વની માનવામાં આવતી રૂપિયા ૧૧૦ કરોડની અમૃત યોજનાને ૧૭મી મેના મંજૂરી આપવામાં આવી હતી. આગામી આઠ દિવસમાં આ બાબતે ટેન્ડર પ્રક્રિયાનું આયોજન કરી એક મહિનામાં સંબંધિત ટેન્ડરને મંજૂરી આપવામાં આવશે. યોજનાના પ્રથમ તબક્કાને મંજૂરી મળી હોવાથી ભંડોળ અને યોજના મંજૂરી અનુસાર વિવિધ તબક્કામાં વિકાસના કામો કરવામાં આવશે, એવી માહિતી સૂત્રોએ આપી હતી. ૧૭મી મેના નગર અધ્યક્ષ રમણ ભોળે અને મુખ્ય અધિકારી બી. ટી. બાવિસકરની મુંબઇમાં સંબંધિત અધિકારીઓ સાથે બેઠક થયા બાદ ૧૧૦ કરોડ રૂપિયાની અમૃત યોજનાને મંજૂરી આપવામાં આવી હોવાની માહિતી વિધાનસભ્ય સંજય સાવકારે અને ઉપનગર અધ્યક્ષ યુવરાજ લોણારીએ આપી હતી.

અમૃત યોજના બાબતે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની ઉપસ્થિતિમાં વિધાનસભ્ય સંજય સાવકારે, નગર અધ્યક્ષ રમણ ભોળે, મુખ્ય અધિકારી બી. ટી. બાવીસકર સહિત સંબંધિત અધિકારીઓની બેઠકનું ૨૨મી મેના મુંબઇ ખાતે આયોજન કરવામાં આવ્યું છે, એમ સાવકારે જણાવ્યું હતું.

આ યોજનામાં શહેરમાં ૧૦ પાણીની ટાંકી, ૧૦૦ કિ.મી.ની પાઇપલાઇન, નવું જળશુદ્ધીકરણ કેન્દ્ર, તાપીમાં નવો ડૅમ બાંધવો વગેરેનો સમાવેશ છે. યોજનાના આગામી તબક્કામાં વિવિધ વિકાસના કામોનો પણ સમાવેશ હશે, એમ યુવરાજ લોણારીએ વધુમાં જણાવ્યું હતું. દીપનગરના નવા ૬૬૦ મૅગાવૉટ પ્રોજેક્ટને મુખ્ય પ્રધાને મંજૂરી આપી હતી. આ પ્રોજેક્ટને કારણે રાજ્યમાં વીજળીના નિર્માણમાં વધારો થઇ વીજળીની સમસ્યા ઓછી થવામાં મદદ થશે અને આ પ્રોજેક્ટને કારણે વિસ્તારના અનેક બેરોજગારોને રોજગાર પણ ઉપલબ્ધ થશે. ■

# ‘ભવાઇ’ એકાંકી સ્પર્ધામાં ‘એક સે બઢકર એક’ નાટક

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઇઃ* ‘ભવાઇ’ એકાંકી નાટ્ય સ્પર્ધાની એલિમિનેશન રાઉન્ડમાં આ વખતે એક સે બઢકર એક નાટકો ભજવાઇ રહ્યાં છે. નાટ્યસ્પર્ધાનું આ ત્રીજું શાનદાર વર્ષ છે. જેમાં ઉત્તરોત્તર નાટકોની એન્ટ્રીની સંખ્યા વધી રહી છે. નીતનવા વિષયની વસ્તુઓ લઇને આવેલાં સંખ્યાબંધ નાટકોમાં ‘લગોરી’ અને ‘મને જનમ લેવા દો’ જેવા નોંધપાત્ર નાટકો પણ છે.

‘લોસ્ટ લાઇટનિંગ’ અને ‘એક ગઝલ’ નાટક પણ પ્રેક્ષકોના દિલ જીતી લેનારા નાટકો છે.

કૉમેડી નાટક ‘જોઇ લેશું’ નાટકે પ્રેક્ષકોને પેટ પકડીને હસાવ્યાં હતાં.

મુંબઇ સમાચારની ‘રોમે રોમ ગુજરાતી’ ના સહકારથી યોજાઇ રહેલી આ નાટ્ય સ્પર્ધાની ફાઇનલ સ્પર્ધા ૨૦મીને શનિવારે બોરીવલીના પ્રબોધન ઠાકરે ઓડિટોરિયમમાં યોજાશે.

૧૯મીને શુક્રવારે એલિમિનેશનના ત્રણ દિવસના રાઉન્ડમાંથી પાંચ નાટકોની પસંદગી કરવામાં આવશે, આ પાંચેય નાટકો ફાઇનલમાં જશે અને એમાંથી શ્રેષ્ઠ નાટકની પસંદગી કરવામાં આવશે. એલિમિનેશન રાઉન્ડમાં નિર્ણાયક તરીકે નાટ્ય દિગ્દર્શક લક્ષ્મીકાંત કર્પે અને ઉમેશ જંગમ તરીકે ફરજ બજાવી રહ્યા છે. ■

# પિંપરીમાં પાણીના કાળાબજાર

*પિંપરીઃ* શહેરમાં મહાપાલિકાના પાણીકાપનો લાભ ટેંકર લૉબી ઊઠાવી રહી છે. ટેંકર લૉબી અને પાલિકાના અધિકારીઓની સાઠગાંઠથી પાણીના કાળાબજાર ચાલી રહ્યા છે. ટેંકર લૉબી પાલિકા પાસેથી સસ્તા ભાવે પાણીની ખરીદી કરે છે અને એક એક ટેંકર પાણી બેથી ત્રણ હજારમાં વેચે છે.

ટેંકર લૉબી સામે કડક હાથે કાર્યવાહી કરવાની જગ્યાએ પાલિકા જ તેમને છાવરી રહી હોવાનું સાધનો પાસેથી જાણવા મળ્યું હતું. જોકે, પાલિકાના અધિકારીઓએ આ વાતને રદિયો આપતાં શહેરમાં ક્યાંય ટેંકરો મોકલવામાં આવતા નથી એવો દાવો કર્યો હતો.

પિંપરી-ચિંચવડ શહેરમાં પવના ડેમમાંથી પાણી પુરવઠો પહોંચાડવામાં આવે છે. હાલમાં ડેમમાં ૩૨ ટકા પાણી ઉપલબ્ધ છે. ચોમાસાને હજુ વાર હોવાથી પાણી પુરવઠા વિભાગ દ્વારા ૨૦ ટકા પાણીકાપ મૂકવામાં આવ્યો છે.

પાણીકાપના પગલે ગ્રામીણ વિસ્તારમાં પાણીના કાળાબજાર શરૂ થઇ ગયા છે. ટેંકર માફિયાઓ પાલિકા પાસેથી પીવાનું પાણી ખરીદવા પ્રતિ ટેંકર રૂ. અઢીસોથી ત્રણસો ચૂકવે છે અને તે જ ટેંકર બેથી ત્રણ હજારમાં વેચે છે. ટેંકરવાળાઓ પવના અને ઇંદ્રાણી ડેમમાંથી પાણી ઉલેચે છે. કેટલીક જગ્યાએ બોરવેલ ખોદવામાં આવ્યા છે તેમ જ મોટર મૂકીને પાણી ખેંચી લેવામાં આવે છે.

ઉપરાંત ટેંકર લૉબી દ્વારા બાંધકામ ક્ષેત્રે પાણી વેચી દેવાનો ગોરખધંધો પૂરજોશમાં ચાલે છે. કિવળે, રાવેત, વાકડ, ચવ્હોલી, મોશી વગેરે વિસ્તારમાં બાંધકામ માટે પાણી પહોંચાડવામાં આવે છે તેમ જ રહેવાસી ઇમારતોમાં મોટો નફો લઇ પાણી વેચી દેવામાં આવે છે. પાણીના કાળાબજાર સામે પ્રશાસન આંખ આડા કાન કરી રહી છે. બેરોકટોક ચાલતી આ ગેરકાયદે પ્રવૃત્તિ પર લગામ મૂકવામાં આવે એવું હાલમાં તો લાગતું નથી. ■

# જળગાંવ-મનમાડ વચ્ચે રેલવેનો ત્રીજો ટ્રેક નખાશે

*મનમાડઃ* રેલવેની વધતી ટ્રાફિકને ધ્યાનમાં લઇ જળગાંવ-મનમાડ વચ્ચે નવો ત્રીજો ટ્રેક નાખવામાં આવે, એવી માગણી છેલ્લાં અનેક વર્ષોથી કરવામાં આવી રહી હતી, પરંતુ વારંવાર માગણી કર્યા બાદ પણ તે તરફ દુર્લક્ષ કરવામાં આવતું હતું. છેવટે મનમાડ-જળગાંવ વચ્ચે રેલવેના ત્રીજા ઇલેક્ટ્રિક ટ્રેકને મંજૂરી આપવામાં આવી હતી. જેમાં ૧૬૦ કિ.મી. લાંબો ટ્રેક નાખવાનું કામ કરવામાં આવશે. આ સંપૂર્ણ પ્રોજેક્ટ માટે રૂપિયા ૧,૦૩૫ કરોડના ખર્ચ થશે, એવો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ સંપૂર્ણ પ્રોજેક્ટ પાંચ વર્ષમાં પૂર્ણ કરવામાં આવશે. આ નવી લાઇનને કારણે જળગાંવના પ્રવાસીઓને મોટો દિલાસો મળશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતા હેઠળ યોજવામાં આવેલી કેન્દ્રીય મંડળની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. મુંબઇથી ભુસાવળ દરમિયાન બે ટ્રેકની રેલવે લાઇન હોવા છતાં વધતી પ્રવાસી ગાડીઓ અને માલગાડીઓને કારણે અનેકવાર ટ્રેનોની અવરજવરમાં સમસ્યા ઊભી થાય છે. ઉપરાંત અનેક ગાડીઓને નાના રેલવે સ્ટેશનો પર ઊભી રાખી કેટલીક ગાડીઓ આગળ કાઢવામાં આવે છે, જેને કારણે પ્રવાસી ગાડી અને માલગાડીઓ મોડી થવાની અનેક ફરિયાદો આવતી હતી. આ બાબતે ભુસાવળ વિભાગે મનમાડ-ભુસાવળ વચ્ચે ત્રીજી રેલવે લાઇનનો પ્રસ્તાવ પણ રેલવે પ્રધાનને મોકલવામાં આવ્યો હતો, પરંતુ અનેક વર્ષોથી આ પ્રસ્તાવ તરફ દુર્લક્ષ કરવામાં આવ્યું હોવાથી પ્રધાન મંડળની યોજવામાં આવેલી બેઠકમાં આ વિષય પર ચર્ચા કરવામાં આવી હતી. ત્યાર બાદ વડા પ્રધાન નરેન્દ્ર મોદી, રેલવે પ્રધાન સુરેશ પ્રભુએ રેલવેના વિવિધ વિસ્તારીકરણના મુદ્દા ધ્યાનમાં લઇ જળગાંવ-મનમાડ વચ્ચે ત્રીજી લાઇનને મંજૂરી આપી હતી. રાવેરના વિધાનસભ્ય હરિભાઉ જાવળ, જળગાંવના સાંસદ એ. ટી. નાના પાટીલ, રાવેરના સાંસદ રક્ષા ખડસેએ વારંવાર ત્રીજી લાઇન માટે પ્રયત્નો કર્યા હતા. ■

# દેહવ્યવસાય કરાવનાર બે દલાલની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

*ભાયંદરઃ* વાલિવ પોલીસે બે મહિલાઓ પાસે દેહવ્યવસાય કરાવીને તેમાંથી થતી આવકમાં ભાગ પડાવનાર બે દલાલોની ધરપકડ કરી છે. પાલઘર જિલ્લા પોલીસની એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ વિભાગના પોલીસ મહેશ ગોસાવી દ્વારા વાલિવ પોલીસની સહાયથી ચિંચપાડા વિસ્તારમાં એક ચાલીમાં દેહવ્યવસાય ચાલતા ઘર પર બોગસ ગ્રાહક મોકલીને છાપો મારવામાં આવ્યો હતો. તે સમયે બે મહિલા મળી આવી હતી, અલબત તેમને પછીથી છોડી મુકાઇ હતી. બે દલાલની ધરપકડ કરવામાં આવી હતી. બન્ને દલાલોને પકડીને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. ■

# કૌટુંબિક વિવાદને કારણે દીકરાએ કરી પિતાની હત્યા

*લાસુર્ણેઃ* કાટેવાડી ખાતે દિગંબર કાટેની હત્યાનો પોલીસે ચાર દિવસમાં પર્દાફાશ કર્યો હતો. આ પ્રકરણે દીકરાએ જ કૌટુંબિક વિવાદને કારણે પિતાની હત્યા કરી હોવાનું જાણવા મળ્યું હતું. વાલચંદનગર પોલીસ અને ક્રાઇમ બ્રાન્ચની ટીમે સંયુક્ત તપાસ કરી દિગંબર કાટેની હત્યા કરનારને પકડી પાડ્યો હતો.

દિગંબર કાટે તેના દીકરા અભયને કોઇ વાતમાં ગણતા નહોતા. તેમ જ તેને તેની ઇચ્છા અનુસાર ભણવા પણ આપ્યું નહીં. વ્યવસાય માટે ક્યારેય આર્થિક મદદ કરી નહીં. દિગંબર અભયની હંમેશા મજાક કરતા હતા. આ બધા કારણોસર અને ઘરના કૌટુંબિક વિવાદને કારણે અભયે રોષે ભરાઇને તેના પિતાની કાટેવાડી-કન્હેરી રસ્તા પર ધારદાર હથિયારથી ગળા પર હુમલો કરી હત્યા કરી હતી અને તેના મૃતદેહને પાણીમાં ફેંકી દીધો હતો. હત્યાની જાણ કોઇને થાય નહીં અને તે એક અકસ્માત લાગે તે માટે તેણે પોતાની બાઇક પણ પાણીમાં ફેંકી હતી. આ બાબતે પોલીસે અભયની ધરપકડ કરી હતી. તેની વિરુદ્ધ હત્યાનો ગુનો દાખલ કર્યો હતો.

હત્યા કરવા માટે ઉપયોગ કરવામાં આવેલું હથિયાર તેણે છુપાવી રાખ્યું હતું અને પોલીસે તે જપ્ત કર્યું હતું. અભયની પોલીસે ૧૭મી મેના બપોરે ધરપકડ કરી હતી.

આ કાર્યવાહી ક્રાઇમ બ્રાન્ચના અપર પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ સંદીપ પખાલે, ઉપવિભાગીય પોલીસ અધિકારી બાપુ બાંગરના માર્ગદર્શન હેઠળ વાલચંદનગર પોલીસ સ્ટેશનના સહાયક પોલીસ ઇન્સ્પેક્ટર ઉત્તમ ભજનાવળે, ગજાનન ગજભારે, સુરેન્દ્ર વાઘ, ગણેશ કાટકર, પ્રવીણ વાયસે, શિવાજી નિકમ, બાળાસાહેબ ભોઇ, સંદીપ મોકાશી, સંદીપ જાધવ, સુભાષ ડોઇફોડે, સંદીપ કારંડે, દશરથ કોળેકર, સદાશિવ બંડગર, શર્મા પવાર, તુષાર સાનપે કરી હતી. ■

# પુણે મહાપાલિકા બની કૅશલેસ

## ▶ ૭૮ ટકા કરદાતાઓએ ટૅક્સ ઓનલાઇન જમા કરાવ્યો

*પુણેઃ* પુણે મહાપાલિકાના મિલકત વિભાગના વસૂલીના વ્યવહારો જોતા જણાય છે કે કેન્દ્ર સરકારના કૅશલેસ ઇન્ડિયાના મંત્રને પુણેવાસીઓએ અપનાવી લીધો છે. મિલકત વિભાગની અત્યાર સુધીની રૂ. ૩૦૪ કરોડની વસૂલીની રકમમાંથી માત્ર ૨૨ ટકા રકમ જ રોકડમાં આવી છે.

મિલકત વિભાગના ઉપાયુક્ત સુહાસ માપારીએ ઉપરોક્ત માહિતી આપી હતી. મોટા ભાગના કરદાતાઓએ તેમના મિલકત વેરા ઓનલાઇન જમા કરાવ્યા હતા.

કરદાતાઓ તેમના મિલકત વેરા ઓનલાઇન જમા કરાવે એ માટે અનેક પ્રયત્નો કરવામાં આવ્યા હતા. પાલિકાના પ્રયાસોને પગલે ૭૮ ટકા નાગરિકોએ તેમનો મિલકત વેરો ઓનલાઇન જમા કરાવ્યો હતો, એમ માપારીએ જણાવ્યું હતું.

નાગરિકો માટે ડેબિટ કાર્ડ દ્વારા વેરો જમા કરાવવાનો વિકલ્પ પણ શરૂ કરવામાં આવ્યો હતો, પરંતુ ટેક્નિકલ અડચણના કારણે હાલમાં તેમાં સફળતા મળી ન હતી.

બૅંક દ્વારા ઓનલાઇન વેરો જમા કરાવનારા કરદાતાઓના મોબાઇલ પર મેસેજ મોકલવામાં આવ્યા હતા.

કૅશલેસ વ્યવહારો માટે નાગરિકોને પ્રોત્સાહિત કરવા અને પ્રશિક્ષણ આપવા મિલકત વિભાગ દ્વારા ખાસ કર્મચારીઓની નિમણૂક કરવામાં આવી હતી. ■

# મેન્ડોન્સાને શિવસેનામાં લાવવાના પ્રયત્નો શરૂ

## ▶ જેલથી છૂટ્યા બાદ સ્વાગત માટે શિવસેનાના વિધાનસભ્ય, સાંસદ અને નગરસેવકોની હાજરી

*ભાયંદરઃ* જમીનના ગોટાળા પ્રકરણે નવ મહિના જેલમાં રહ્યા બાદ હાલમાં જ જામીન પર છૂટેલા રાષ્ટ્રવાદી કૉંગ્રેસના ભૂતપૂર્વ વિધાનસભ્ય ગિલ્બર્ટ મેન્ડોન્સાના સ્વાગત માટે શિવસેનાના વરિષ્ઠ નેતાઓએ હાજરી આપ્યા વિશે આશ્ચર્ય વ્યક્ત કરવામાં આવ્યું હતું. મેન્ડોન્સા જેલથી છૂટ્યા બાદ તેને મળવાની ભીડમાં શિવસેનાના વિધાનસભ્ય અને સાંસદો સહિત નગરસેવકો મોટા પ્રમાણમાં ઉપસ્થિત હતા, જેને કારણે મેન્ડોન્સાને પક્ષમાં લેવા શિવસેના તૈયારી કરી રહી હોવાની ચર્ચાઓ કરવામાં આવી રહી છે.

થાણેની કરોડો રૂપિયાની કિંમતની એક જમીનના ગોટાળામાં મેન્ડોન્સાની થાણે શહેર પોલીસે ગયા વર્ષે ધરપકડ કરી હતી. ત્યારથી તે જેલમાં હતો. જામીન મળે તે માટે ગયા અનેક દિવસોથી પ્રયત્નો ચાલુ હતા, પરંતુ નવ મહિના બાદ તેના જામીન મંજૂર કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ સોમવારે પહેલી વખત તે ભાયંદર પશ્ચિમ ખાતે પોતાની ઑફિસમાં ગયો હતો. મહાપાલિકાની ચૂંટણી માટે અનેક નેતાઓએ તેની મુલાકાત લીધી હતી તેમ જ શિવસેનાના સાંસદ રાજન વિચારે અને વિધાનસભ્ય પ્રતાપ સરનાઇક સહિત શિવસેનાના નગરસેવકો મેન્ડોન્સાની ઑફિસમાં ઉપસ્થિત રહ્યા હતા અને જેલથી છૂટવા માટે તેમને અભિનંદન આપ્યા હતા. મેન્ડોન્સાના સ્વાગત માટે શિવસેનાના નેતાઓની ઉપસ્થિતિ જોઇને આશ્ચર્ય વ્યક્ત કરવામાં આવ્યું હતું. ગયા બેથી ત્રણ વર્ષથી મેન્ડોન્સા શિવસેનાના માર્ગ પર હોવાની ચર્ચાઓ કરવામાં આવી રહી હતી. ત્યાં જ શિવસેનાના સાંસદ અને વિધાનસભ્ય પોતે મેન્ડોન્સાના સ્વાગત માટે હાજર રહ્યા હોવાથી તે ચર્ચાનો વિષય બન્યો હતો. મેન્ડોન્સાનું ગ્રામપંચાયત સમયથી જ મીરા-ભાયંદરના રાજકારણમાં નામ છે. નગર પરિષદના સમયમાં તેમની સામે છ વર્ષ ચૂંટણી લડવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, જેને કારણે મહાપાલિકા સ્થાપના બાદ તેણે પોતાની પત્નીને મેયર બનાવી હતી. ૨૦૦૯માં વિધાનસભા મતદારસંઘની પુનર્રચના બાદ તે પહેલી વાર રાષ્ટ્રવાદીના વિધાનસભ્ય તરીકે ચૂંટાઇને આવ્યા હતા. ૨૦૧૨ની મહાપાલિકા ચૂંટણી બાદ તેણે પોતાની દીકરીને ડેપ્યુટી મેયરપદે નિમણૂક કરી હતી. આ વખતની મહાપાલિકામાં તેમની બે દીકરી, છોકરો, ભાઇ, બહેન એમ સાત નગરસેવક રાષ્ટ્રવાદીની ટિકિટ પર ચૂંટાઇને આવ્યા હતા. રાષ્ટ્રવાદીની સ્થિતિ સારી ન હોવાથી અનેક નગરસેવક તેમનો સાથ છોડી અન્ય પક્ષમાં સામેલ થયા હતા. પક્ષની સ્થિતિ સારી ન હોવાથી હવે મહાપાલિકાની ચૂંટણીને ફક્ત ત્રણ મહિના બાકી છે, જેને કારણે તેમને જામીન પર છોડવામાં આવ્યા છે. હાલમાં શિવસેના અને ભાજપમાં મહાપાલિકામાં સત્તા માટે મોટા પ્રમાણમાં પ્રયત્નો ચાલુ છે. ભાજપ પોતાના બળે સત્તા સ્થાપિત કરવા તૈયાર છે તેમ જ ભાજપના આ પ્રયત્નોને અસફળ કરવા શિવસેના તૈયારી કરી રહી છે. ■

# અંબરનાથમાં બ્રેક ફેલ થતાં સિમેન્ટ મિક્સર અને રિક્ષાની અથડામણમાં બેનાં મોત

*અંબરનાથઃ* બ્રેક ફેલ થવાને કારણે વાહન પરનો કાબૂ ગુમાવી બેસેલા સિમેન્ટ મિક્સર વાહન રિક્ષા સાથે ટકરાતાં રિક્ષાચાલકનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. રિક્ષા સાથે ટકરાયા બાદ સિમેન્ટ મિક્સર એક નાળામાં જઇને ખાબક્યું હતું જેને કારણે આ વાહનમાં બેસેલા ડ્રાઇવરના સાથીનું મોત થયું હતું. અંબરનાથસ્થિત નવરેનગર વિસ્તારમાં બનેલી આ ઘટનામાં અન્ય છ જણ પણ ઘાયલ થયા હતા.

અંબરનાથ પૂર્વમાં આવેલા નવરેનગર વિસ્તારમાંથી જતા એક ચિંચોળા રસ્તા પર બુધવારે સવારે ૧૧ વાગ્યે જોંધળે સ્કૂલ નજીક સિમેન્ટ મિશ્રણ કરનારું વાહન આવી રહ્યું હતું ત્યારે આ અકસ્માત થયો હતો. આ વાહનની અચાનક જ બ્રેક ફેલ થવાને કારણે રસ્તામાં ઊભેલી રિક્ષા સાથે ભટકાયું હતું. આ અથડામણમાં રિક્ષાનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો અને રિક્ષાચાલક માજિદ શેખનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. બ્રેક ફેલ થવાને કારણે સિમેન્ટ મિક્સર વાહન આગળ જતાં એક નાળામાં ખાબક્યું હતું.

જોકે આ અકસ્માતમાં રસ્તા પર ઊભેલા અન્ય છ નાગરિકોને આ વાહને અડફેટે લીધું હતું. નાળામાં સિમેન્ટ મિક્સર પલટી થતાં ચાલક અને તેનો સાથી પણ જખમી થયા હતા. કમનસીબે વાહનમાં બેસેલા સાથીનું સારવાર દરમિયાન મોત થયું હતું. પોલીસ આ અંગે વધુ તપાસ કરી રહી છે. ■

# વોટર્સ, પ્લીઝ કમ બેક

## ▶ પનવેલ પાલિકાની સૌપ્રથમ ચૂંટણી વખતે જ ૨૦ ટકા મતદારો બહારગામ ગયા હોવાનો અંદાજ

*પનવેલઃ* પનવેલ મહાપાલિકાની સૌપ્રથમ ચૂંટણીમાં સારા પ્રમાણમાં મતદાન થાય તે માટે પાલિકા તરફથી પ્રોપર્ટી ટેક્સમાં છૂટ તેમ જ પાલિકા દ્વારા લોકોમાં મતદાન માટે જનજાગૃતિ આવે તે માટે ઠેર ઠેર બોર્ડ મૂકવામાં આવ્યા છે, તેમ છતાં પનવેલ મહાપાલિકીની ચૂંટણીમાં મતદાન નબળું જ રહેવાની શક્યતા છે. ૨૦ ટકા મતદારો બહારગામ ગયા હોવાનો અંદાજ વર્તાઇ રહ્યો છે ત્યારે મતદારોને પાછા બોલાવવા માટેની પણ અપીલ કરવામાં આવી છે.

શાળાની રજાને કારણે ગામ ગયેલા મતદારોને કારણે મતદાનની ટકાવારી ઓછી ન થયા તે માટે ચૂંટણી પંચે વિવિધ સ્તરે જનજાગૃતિ ઝુંબેશ હાથ ધરી હોઇ રાજકીય પક્ષો પણ પોતાના મતદારો મતદાન પૂર્વે હાજર થાય તે માટે કામે લાગી ગયા છે. મતદારોના ગામમાં જઇને તેની શોધ કરવા માટે પક્ષના કાર્યકર્તાઓને આદેશ આપવામાં આવ્યો છે. આ માટે રાજકીય પક્ષો દ્વારા ખાસ ટુકડી પણ ઊભી કરવામાં આવી છે. મતદારોને રીઝવવા સારુ વાહનોની સવલત પણ પૂરી પાડવામાં આવી રહી છે. સાતારા, સાંગલી અને પુણે જિલ્લામાં આવી ટુકડી તૈયાર કરવામાં આવશે.

પનવેલ પાલિકા ક્ષેત્રમાં અનેક મતદારો રજા નિમિત્તે બહારગામ ગયા હોવાથી કળંબોલી, કામોઠે અને ખાંદેશ્વર કોલોનીનાં અનેક વૉર્ડમાંના મતદારોએ પોતાના ગામમાં સ્થળાંતર કર્યું છે. મહાપાલિકાની મતદારયાદીમાં આપવામાં આવેલા સરનામામાં તેઓ રહેતા જ નથી, એવું અનેક ઉમેદવારના ધ્યાનમાં આવ્યું છે. આવા મતદારોની સંખ્યા લાખોની થઇ રહી છે. આને કારણે મતદારોને શોધવા માટેની ઝુંબેશ ઉમેદવારે હાથ ધરી છે.

ગામ ગયેલા મતદારોને પાછા લાવવા માટે ઉમેદવારોએ પોતાની પસંદગીની ખાસ વ્યક્તિને આ કામ માટે સક્રિય કરી છે. તેઓને મતદાન કરવા માટે વાહન પણ ઉપલબ્ધ કરાવી આપવાની સગવડ કરાવી આપવાની હોવાનું પણ ધ્યાનમાં આવ્યું છે. આટપાડી, દહીવડી, ખંડાલા, લાતુર, મરાઠવાડા, બીડ, એહમદનગર, સાંગોલા, ઉદગીર, પરભણી જેવા વિસ્તારમાં મતદારોને શોધવા માટેની જોરદાર ઝુંબેશ ચાલી રહી છે. આ મતદારો હાલમાં કયા ગામમાં રહે છે તે કામ ખરેખર અઘરું છે. પ્રત્યેક ગામમાં જઇને તેઓની માહિતી મેળવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. માત્ર નામના આધારે, તેઓની શોધ ચલાવવામાં આવી રહી છે. ઘણાં વર્ષોથી ગામમાં રહેતી વ્યક્તિ પાસેથી અહીં આવેલી વ્યક્તિની માહિતી મેળવવામાં આવી રહી હોવાનું એક ઉમેદવારે જણાવ્યું હતું.

મહાપાલિકાની પ્રથમ ચૂંટણીમાં નગરસેવક તરીકે ચૂંટાઇ આવવાની દરેક ઉમેદવારને ઉમીદ છે. આને કારણે અનેક લોકોએ ચૂંટણીમાં ઝંપલાવ્યું છે. રજાઓને કારણે મતદાનની ટકાવારીમાં મોટો ફરક પડવાનો હોવાથી પ્રત્યેક મતનું મહત્ત્વ છે. આને કારણે ઉમેદવારોએ ભારે પ્રમાણમાં કમર કસી છે. ■

# એસટીના આરક્ષણને કારણે પ્રવાસીઓમાં નારાજગી

*વસઇઃ* શહેરની બહાર જતી પ્રવાસી બસો માટે થાણે એસટી વિભાગ બીજા તબક્કામાં નવી ૩૪ ફેરી દોડાવી રહ્યું છે, પરંતુ ફક્ત ટેક્નિકલ ખરાબીનું કારણ આપી થાણે-ખોપી-શિંદી માર્ગે દોડતી બસોને એક પણ આરક્ષણ ઉપલબ્ધ કરી આપવામાં આવ્યું નથી, જેને કારણે પ્રવાસીઓએ નારાજગી વ્યક્ત કરી હતી. મે મહિનામાં વૅકેશન પડતા મોટા ભાગના લોકો પોતાના ગામમાં જાય છે. ત્યાં જ લગ્ન પ્રસંગો હોવાથી આવકમાં વધારો થતા થાણે એસટી વિભાગે વિવિધ માર્ગો પર વધારાની બસો દોડાવવાની શરૂઆત કરી છે. આગામી ૧૫મી જૂન સુધી આ બસો દોડાવવામાં આવશે, જેથી પહેલા અને બીજા તબક્કામાં શરૂ કરવામાં આવેલી બસોને સારો પ્રતિસાદ મળતો હોવાથી થાણે-ખોપી-શિંદી માર્ગથી પ્રવાસ કરનારાઓને થાણે ડૅપોથી આરક્ષણ ઉપલબ્ધ કરી આપવામાં આવ્યું છે, પરંતુ આ માર્ગે રિટર્ન ટિકિટ આરક્ષણ માગતા ટેક્નિકલ ખરાબી છે, એમ જણાવી આરક્ષણ આપવામાં આવતું નથી, જેને કારણે પ્રવાસીઓને રત્નાગિરીના ખેડ તાલુકામાં આવેલા શિંદીથી રિટર્ન ટિકિટનું આરક્ષણ લેવું પડે છે. આ પ્રકરણે એસટી અધિકારીઓનો સંપર્ક કરતા તેમણે માહિતી લઇ જણાવું, એવો જવાબ આપ્યો હતો. ■

છેલ્લા પાનાનું ચાલુ (ગુડ મોર્નિંગ)

હોય છે.

પોતે સારા દેખાવા માગતા લોકો હંમેશાં પોતાના ગુણો કેળવવાની મહેનત કરવાને બદલે બીજાનાં દુર્ગુણો તમને ગણાવ્યા કરતા હોય છે. સમાજની શ્રીમંત વ્યક્તિથી માંડીને સાદાસીધા કલાર્કની નોકરીવાળા સુધીના સૌ કોઈ માટે ઉજળા દેખાવાનું સાધન રાજકારણી નામનું બ્લેક બોર્ડ છે. રાજકારણીઓને તેઓ જેટલા કાળા ચીતરશે એટલા પોતે ઊજળા દેખાશે એવા વહેમમાં તેઓ હોય છે.

રાજકારણીઓ પર એક મોટો આક્ષેપ સ્વાર્થી હોવાનો હોય છે. પોતાના સ્વાર્થ ખાતર તેઓ ગમે તે કરશે એવું આપણે માનીએ છીએ અને સાચું માનીએ છીએ. સવાલ એ છે કે શું આપણે પણ એવા જ નથી? આપણા લાભ ખાતર ગમે એટલી ખરાબ વ્યક્તિની પ્રશંસા કરતાં સંકોચ થયો છે આપણને ક્યારેય? આપણા સ્વાર્થ ખાતર ઉમદા વ્યક્તિને છેહ આપતાં બે વાર કદીય વિચાર કર્યો છે આપણે?

રાજકારણી માટે ક્યારેય દુશ્મની કે દોસ્તી કાયમી નથી હોતી, અને આપણા માટે? દોસ્તી અને દુશ્મની વિશેની શાયરીઓ ભેગી કરો તો એક આખો ગ્રંથ ભરાય. દુશ્મનનો દુશ્મન મિત્ર એવી ફિલસૂફીમાં આપણે નથી માનતા હોતા શું?

અંગત સ્તરે, કૌટુંબિક સ્તરે, સામાજિક સ્તરે કે એથીય વિશાળ સ્તરે એક માણસ બીજા માણસ સાથે જે રીતે વર્તે છે તેવું જ રાજકારણમાં છે. આપણે જેટલા ગણતરીબાજો છીએ એટલા જ તેઓ છે. માત્ર મથરાવટી એમની વિશેષ મેલી છે.

નાટચજગત સાથે સંકળાયેલા મિત્રોને એક રૂઢિપ્રયોગ માટે ભારે રોષ હોય છે. આપણે કોઈ ઢોંગ કરતું હોય ત્યારે કહીએ છીએ કે, ‘ચાલ હવે નાટક કરવાનું છોડ.’

નાટચમિત્રો કહે છે કે ‘નાટક કરવાનું છોડ એટલે? નાટક કરવું એટલે શું ઢોંગ કરવો? નાટક તો એક કળા છે એ વાત કેમ આ લોકો સમજતા નથી?’

રાજકારણીઓએ હજુ વાંધો લીધો નથી એ એમની ઉદારતા છે બાકી સમાજમાં એવા કેટલા શબ્દપ્રયોગો મળી આવે જેની સામે એમને વાંધો હોય. ઉદા.ત.: એ બે ભાઈ-ભાઈ વચ્ચે ઘણું પોલિટિક્સ ચાલતું, અમારી સ્કૂલના પોલિટિક્સને હિસાબે મારું પ્રમોશન અટકી ગયું, સ્પોર્ટ્સમાં જેટલું પોલિટિક્સ ચાલે છે એટલું બીજે ક્યાંય નહીં ચાલતું હોય...

મૂળ વાંક રાજકારણીઓ માટેની આપણી અપેક્ષાઓનો છે. બાથરૂમના કમોડનું ફ્લશ ઠીક તરહથી ચાલતું ન હોય કે ગલીના નાકે કચરાનો ઢગલો હોય કે કોલેજમાં એડમિશન મળતું ન હોય કે રસ્તા પર ખોદકામ ચાલતું હોય કે પેટ્રોલના ભાવ અને દેશની વસ્તી વધી રહ્યાં હોય... આ તમામ માટે જવાબદાર એક જ વ્યક્તિ હોય છે આપણા માટે-રાજકારણી.

માણસની પલાયનવાદી વૃત્તિનું આ ઉત્તમ ઉદાહરણ છે. પોતે જે નથી કરી શકતા અથવા નથી કરવા માગતા તે માટે પોતે નહીં પણ કોક બીજું જ જવાબદાર છે એવું માનવું આપણા માટે સલામતીભર્યું છે. સામાજિક સ્તરે આપણે આ બાબતે બધો વાંક રાજકારણી પર ઢોળી દઈએ છીએ.

અને અંગત સ્તરે? તમને ખબર છે. પરણ્યા પહેલાં માબાપ પર, પરણ્યા પછી જેની સાથે લગ્ન થયાં છે તેના પર અને સાઠ વર્ષ વીતી ગયાં પછી સંતાનો પર.

આ હિસાબે રાજકારણીઓએ એમને મળતા શિરપાવો સાંભળીને માનવું જોઈએ કે એમની ટીકા કરનાર છેવટે તો એમને પિતા કે પુત્ર માનીને ટીકા કરે છે!

### આજનો વિચાર

સફળતાનું માપ વ્યક્તિ એની જિંદગીમાં ક્યાં સુધી પહોંચે છે તેના પરથી નથી નીકળતું; જ્યાં પહોંચે છે ત્યાં સુધી પહોંચવામાં એણે ક્યાં ક્યાં વિઘ્નોનો સામનો કર્યો છે એના પરથી નીકળે છે.

-બુકર ટી. વૉશિંગ્ટન

### એક મિનિટ!

માસ્તરઃ ૬૦+૬૦+૬૦ કેટલા?
બકોઃ ૧ ક્વાર્ટર! ■